IITGn ખાતે કોગ્નિટિવ સાયન્સના એક્સ્પર્ટ ખાસ ઉપસ્થિત રહેશે

# હ્યુમન માઇન્ડ કેવી રીતે ડિસિઝન લેવામાં કામ કરે છે તેના પર ટોક યોજાશે

આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે તા, ૧૬મી નવેમ્બરના રોજ કોગ્નિટિવ સાયન્સ ઉપર એક લેક્ચરનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં એક્સ્પર્ટસ સ્ટુડન્ટ્સને જણાવશે કે હ્યુમન માઈન્ડ કેવી રીતે ડિસિઝન લેવામાં મદદ કરે છે. કોગ્નિટિવ સાયન્સને મોડર્ન સાયન્સમાં એક આર્ટ ગણવામાં આવે છે. આ ઈવેન્ટમાં એન.આઈ.ડી, નીફ્ટ, આઈ.આઈ.એમ, ડી.એ.આઈ.આઈ.સી.ટી સહિતની કોલેજોના સ્ટુડન્ટ્સ પણ પાર્ટિસિપેટ કરશે. માનવીય શરીરની રચના પ્રમાણે માઈન્ડનું ઈમ્પોર્ટન્ટ વધી જાય છે, ત્યારે આઈ.આઈ.ટી.ગાંધીનગર ખાતે કોગ્નિટેવિ સાયન્સ સેન્ટર દ્વારા એક્સપર્ટસની મદદથી લેક્ચરનું આયોજન કરાયું છે.

## ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા પર બે દિવસીય કોન્ફરન્સ યોજાશે

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઓફ ઇન્ડિયા વિષય પર તા, ૧૬ અને ૧૭મી નવેમ્બરના રોજ ડીપ ફાઉન્ડેશન ઇન્સ્ટિટ્યૂટ અને ઇન્ડિયન જીઓટેકેનિકલ સોસાયટી દ્વારા બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કોસ્ટ એફિશિયન્સી કંસ્ટ્રક્શનમાં હાયર ક્વોલિટી અને સેફિટ સહિતના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે. વુમન ઇન એન્જિનિયરિંગ ઇન ઇન્ડિયા પર થોરનટોન ચોમાસેટીના ડાયરેક્ટર અંજાના કડાકિયા બિલ્ડિંગ પ્રોજેક્ટસ પર વાત કરશે. આ ઇવેન્ટમાં અમદાવાદ ગાંધીનગરના આર્કિટેક્ચરના સ્ટુડન્ટ્સ પણ ઉપસ્થિત રહેશે.

**Title 1:** Experts of Cognitive Science will be at IITGN talk
**Title 2:** Two-day conference on infrastructure development
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/231856/5bede4eaa5f91
**Date:** 16-11-2018